પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૮૦ | ૨૨ ડિસેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; માગશર વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોવિડ સામે સતર્ક રહેવા અપીલ

**કોવિડ-૧૯ ગયો નથી, લોકોએ સાવચેત રહેવું પડશે : સરકાર : વિશ્વમાં કોરોના વકરતા કેન્દ્ર સરકારે સમીક્ષા બેઠક યોજી : કોવિડ સામે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા સરકાર સજ્જ હોવાનો દાવો, ભીડવાળી જગ્યાએ માસ્ક પહેરવા સહિતની તકેદારી રાખવા લોકોને વિનંતી**



નવી દિલ્હી, તા.૨૧

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ બુધવારે કહ્યું કે કોવિડ -૧૯ હજી સમાપ્ત ગયો નથી. તેમણે લોકોને સાવચેત રહેવા કહ્યું. માંડવિયાએ વૈશ્વિક કેસોમાં ઉછાળા વચ્ચે કોવિડ-૧૯ની સ્થિતિ અંગે આરોગ્ય અધિકારીઓ સાથે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી અને કહ્યું કે સરકાર કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર છીએ.

'કોવિડ હજી પૂરો થયો નથી. મેં તમામ સંબંધિતોને સતર્ક રહેવા અને દેખરેખને મજબૂત કરવા નિર્દેશ આપ્યો છે. સમીક્ષા બેઠક બાદ મંત્રીએ ટ્વીટ કર્યું કે અમે કોઈપણ પરિસ્થિતિને મેનેજ કરવા માટે તૈયાર છીએ.' દરમિયાન, ડૉ. વી.કે. પૉલે (સભ્ય-આરોગ્ય, નીતિ આયોગ) લોકોને ભીડવાળી જગ્યાઓ, અંદર અને બહાર બંને જગ્યાએ માસ્કનો ઉપયોગ કરવા વિનંતી કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, કોમોર્બિડિટીઝ અથવા વધુ ઉંમર ધરાવતા લોકો માટે માસ્કનો ઉપયોગ વધુ મહત્વપૂર્ણ છે.

આજે યોજાયેલી કોરોનાની સમીક્ષા બેઠકમાં આરોગ્ય અને આયુષ મંત્રાલયોના સચિવો, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ અને બાયોટેકનોલોજી વિભાગ, ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર)ના ડાયરેક્ટર જનરલ રાજીવ બહલ, નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) વી કે પોલ અને રસીકરણ પર રાષ્ટ્રીય

● અનુસંધાન પાન-૭ પર

## એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય યાત્રીકોનું રેન્ડમ સેમ્પલિંગ

**કોવિડના નવા વેરિએન્ટ બાદ સરકાર એલર્ટ : ચીનમાં સંક્રમણની નવી લહેર માટે જવાબદાર ઓમિક્રોનના સબ વેરિએન્ટ BF.7ના 3 કેસ ભારતમાં જોવા મળ્યા છે**

નવી દિલ્હી, તા.૨૧

દેશમાં કોરોના સંક્રમણને લઈને સાવચેતીના ભાગરૂપે દેશના એરપોર્ટ પર આજથી આંતરરાષ્ટ્રીય યાત્રીકોના રેન્ડમ સેમ્પલિંગ શરૂ કરી દેવામાં આવ્યા છે. ચીનમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. પાડોસી દેશમાં સંક્રમણની નવી લહેર માટે જવાબદાર ઓમિક્રોનના સબ વેરિએન્ટ BF.7 ના ત્રણ કેસ ભારતમાં પણ જોવા મળ્યા છે. ત્યારબાદ દેશમાં સરકાર એલર્ટ પર છે, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે કોવિડ સમીક્ષા બેઠક કરી હતી. કેન્દ્ર સરકાર કોવિડની સ્થિતિને લઈને એલર્ટ મોડ પર છે.



બુધવારે કોરોના સંક્રમણને લઈને યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક બાદ સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યુ કે કોરોના સંક્રમણ હજુ સમાપ્ત થયું નથી. તેમણે એક ટ્વીટમાં લખ્યું કે, 'કેટલાક દેશોમાં કોરોનાના વધતા મામલાને ધ્યાનમાં રાખી આજે નિષ્ણાંતો અને અધિકારીઓની સાથે સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. તેમણે આગળ કહ્યું કે કોરોના હજુ ખતમ થયો નથી. મેં તમામ સંબંધિતોને સતર્ક રહેવા અને સર્વેલાન્સ મજબૂત કરવાનો નિર્દેશ આપ્યો છે. અમે કોઈપણ સ્થિતિનો મુકાબલો કરવા માટે તૈયાર છીએ.' ચીનમાં સંક્રમણની નવી લહેર માટે જવાબદાર ઓમિક્રોનના સબ વેરિએન્ટ BF.7 ના ત્રણ કેસ દેશમાં સામે આવ્યા છે.

## પ્રોટોકોલ માનો કે ભારત જોડો યાત્રા બંધ કરો

**સરકારે રાહુલ ગાંધીને લખ્યો પત્ર : આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે, ભારત જોડો યાત્રા દરમિયાન કોવિડ ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ**

નવી દિલ્હી,તા.૨૧

ચીનમાં ફરીથી કોરોનાએ માથું ઉચક્યું છે ત્યારે યુરોપના ઘણા દેશોમાં કોરોનાએ પગપસેરો કર્યો છે. ભારત પણ આ અંગે સતર્ક છે. આ દરમિયાન માંડવિયાએ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતને પત્ર લખ્યો હતો. આ પત્રમાં કહેવામાં આવ્યું છે કે ભારત જોડો યાત્રા દરમિયાન કોવિડ ગાઈડલાઈન્સનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ અને માસ્ક-સેનિટાઈઝરનો ઉપયોગ ફરજિયાત બનાવવો જોઈએ. જે લોકોને રસી આપવામાં આવી છે તેઓને યાત્રામાં સામેલ કરવામાં આવે. પત્રમાં કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ એવો પણ અનુરોધ કર્યો છે કે જો કોવિડ પ્રોટોકોલનું પાલન કરવું શક્ય ન હોય તો જાહેર આરોગ્યની કટોકટીને ધ્યાનમાં રાખીને ભારત જોડો યાત્રાને રાષ્ટ્રીય હિતમાં સ્થગિત કરવામાં આવે. હવે આ મામલે રાજકારણ પણ શરૂ થયું છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ કહ્યું કે શા માટે માત્ર અમને જ સલાહ આપવામાં આવે છે? જ્યારે યાત્રામાં સામેલ તમામ

● અનુસંધાન પાન-૭ પર

## મોંઘવારી ભથ્થામાં માર્ચ ૨૦૨૩ સુધી વધારો થવાની સંભાવના

**કેન્દ્રએ સપ્ટેમ્બર ૨૦૨૨માં ડીએમાં વધારો કર્યો હતો, જેનાથી લગભગ ૪૮ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૮ લાક પેન્શનધારકોને લાભ થયો હતો**

નવી દિલ્હી, તા.૨૧

સરકારી કર્મચારીઓને મોંઘવારી ભથ્થા વધારવાની આશા ઘણા સમયથી ચાલી રહી છે. તો વળી ૭માં પગારપંચે વેતન પેકેજ અંતર્ગત કેન્દ્ર સરકારના કર્મચારીઓને માર્ચ ૨૦૨૩ સુધીમાં કંઈક સારા સમાચાર મળી શકે છે. કેટલાય મીડિયા રિપોર્ટ્સમાં જણાવે છે કે, મોંઘવારી ભથ્થામાં માર્ચ ૨૦૨૩ સુધી વધારો થવાની સંભાવના છે. ડીએ વધારો ઉપરાંત, કેન્દ્ર સરકાર પેન્શનધારકો માટે મોંઘવારી રાહત વધારી શકે છે. સરકારી કર્મચારીઓને ખબર હોવી જોઈએ કે, મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત બંને વર્ષમાં બે વાર સંશોધિત કરવામાં આવે છે. પહેલા જાન્યુઆરીમાં અને બાદમાં જૂલાઈમાં અને હવે નવું વર્ષ આવી રહ્યું છે ત્યારે સરકારી કર્મચારીઓને ડીએ વધારવાના સમાચાર આવી શકે છે. જે નિશ્ચિતપણે તેમને ખુશ કરી દેશે. રિપોર્ટ્સનું માનીએ તો, માર્ચ ૨૦૨૩ સુધી કેન્દ્ર સરકારના કર્મચારીઓને ૩થી ૫ ટકા ડીએ વધારો મળવાની આશા છે. કેન્દ્રએ સપ્ટેમ્બર ૨૦૨૨માં ડીએમાં વધારો કર્યો હતો, જેનાથી લગભગ ૪૮ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને ૬૮ લાક પેન્શનધારકોને લાભ થયો હતો.

## નેપાળના વડાપ્રધાનપદે શેર બહાદુર દેઉબાની તાજપોશી નક્કી



કાઠમંડુ, તા.૨૧

નેપાળના વડાપ્રધાન પદ પર શેર બહાદુર દેઉબાની તાજપોશી લગભગ નક્કી થઈ ગઈ છે. નેપાળમાં બુધવારના રોજ સંસદીય દળના નેતા માટે યોજાયેલી ચૂંટણીમાં આજે શેર બહાદુર દેઉબાને વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ચૂંટણી સમિતિએ દેઉબાને સંસદીય દળના નેતા જાહેર કરતી નોટિસ પણ આપી દીધી છે. આવામાં તેમનું વડાપ્રધાન બનવું નક્કી માનવામાં આવી રહ્યું છે.

## મથુરામાંથી ચંદનની તસ્કરી કરતી ગેંગને ઝડપી લેવાઈ

**આ ગેંગે પુષ્પા ફિલ્મ જોઈને ચંદનની તસ્કરી શરૂ કરી : પોલીસે ધરપકડ કરાયેલી ગેંગ પાસેથી એક કરોડ રૂપિયાનું ચંદન કબજે કર્યું**

મથુરા, તા.૨૧

મથુરા પોલીસે એસટીએફ અને વન વિભાગ સાથે મળીને ચંદનની તસ્કરી કરતી ગેંગની ધરપકડ કરી છે. આ ગેંગે પુષ્પા ફિલ્મ જોઈને ચંદનની તસ્કરી શરૂ કરી હતી. પોલીસે ધરપકડ કરાયેલી ગેંગ પાસેથી એક કરોડ રૂપિયાનું ચંદન કબજે કર્યું છે. પોલીસે ઝડપાયેલા તસ્કરોની પૂછપરછ હાથ ધરી છે. ધરપકડ કરાયેલા દાણચોરો છત્તીસગઢ, રાજસ્થાન, બુલંદશહેર, અલીગઢ અને મથુરાના રહેવાસી છે અને તેમની ધરપકડ ગોવર્ધન રોડ પરથી શક્ય બની હતી.

મથુરા પોલીસ સ્ટેશન હાઈવે પોલીસને માહિતી મળી હતી કે, ગોવર્ધન રોડ પર ઈનોવા અને હોન્ડા સિટી કારમાં કેટલાક લોકો હાજર છે. આ લોકો મોટા પાયે ચંદનની તસ્કરી કરી રહ્યા છે. માહિતી મળતાની સાથે જ હાઈવે

● અનુસંધાન પાન-૭ પર

## મસ્ક ટૂંક સમયમાં સીઈઓ પદેથી રાજીનામું આપી દેશે

નવી દિલ્હી, તા.૨૧

અબજોપતિ એલન મસ્કને લઈને નવા સમાચાર સામે આવી રહ્યા છે જે ટ્વિટર યુઝર્સને વધારે હેરાન નહીં કરે, કેમ કે તેમને જ તેના માટે વોટ કર્યા છે. ટ્વિટરના નવા સીઈઓ ટૂંક સમયમાં પોતાની મીડિયા કંપની સીઈઓના પદેથી રાજીનામું આપવા જઈ રહ્યા છે. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, એલન મસ્ક હાલમાં ખૂબ જ એક્ટિવ થઈને ટ્વિટરના નવા ચીફ એક્ઝીક્યૂટીવ ઓફિસરની શોધ કરી રહ્યા છે. હકીકતમાં જોઈએ તો, એલન મસ્કે હાલમાં જ ટ્વિટર પોલ કરાવ્યો હતો. જેમાં તેમણે પૂછ્યું હતું કે, શું તેમને ટ્વિટર સીઈઓ પદેથી રાજીનામું આપી દેવું જોઈએ? આ પોલના જવાબમાં કુલ ૫૭.૫ ટકા યુઝર્સે એલન મસ્કને આ પદેથી હટી જવાની વાત કહી હતી અને તેમને રાજીનામું આપી દેવા જણાવ્યું હતું.




